# સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન યુનિવર્સિટી ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનનું આયોજન કરાયું



ગાંધીનગર, તા. ૨૦

સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ટેકનોલોજીની ત્રીજી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંમેલનનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ગાંધીનગર ખાતે સેમિનાર રૂમ, સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ટેકનોલોજીમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી સભ્યોનું જૂથ છે .જેનો મોટો જૂથ બી ઈ એલ્યુમની હતો. એટલા સારા અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના રિસ્પોન્સ, જેમણે જાણ કરી, મોટે ભાગે તે બધા ઉદ્યોગસાહસિક હતા, તેમની નોકરી માં સારી પોઝિશન અને તે અમદાવાદની અને આસપાસની હતી. તેઓ યુનિવર્સિટીની પ્રગતિ જોઈ ખુશ હતા.

મહત્તમ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ આ સંમેલન માં ભાગ લીધો હતો અને યુનિવર્સિટીની વિવિધ સંસ્થાઓના ફેકલ્ટી સભ્યોને પણ ભૂતપૂર્વ વિદ્યાર્થીની મીટમાં જોડાવા આમંત્રણ અપાયું હતું. એચઓડી અને સિનિયર ફેકલ્ટીઓ સાથે વિભાગ કક્ષાએ વિવિધ જૂથોમાં અનૌપચારિક મેળાવડા અને ચર્ચા થઈ હતી. તેમની અપડેટ કરેલી પ્રોફાઈલ, સિદ્ધિઓ, અભ્યાસક્રમ વિશેના પ્રતિસાદ અને સૂચનો વિશેની કેટલીક માહિતી એકત્રિત કરી છે. તેઓ ડિપાર્ટમેન્ટમાં કેવી રીતે ફાળો આપી શકે છે તે અંગેની માહિતી ફેકલ્ટી મેમ્બર દ્વારા ક્રિયા પ્રતિક્રિયા સત્ર દરમિયાન એકત્રિત કરવામાં આવી હતી. ઘણા ભૂતપૂર્વ વિદ્યાર્થી સભ્યોએ નિષ્ણાંતની વાત, ઔદ્યોગિક મુલાકાત, પ્રોજેક્ટ પ્લેસમેન્ટ, જોબ પ્લેસમેન્ટ વગેરેની દ્રષ્ટિએ તેમના અલ્મા બાબતમાં ફાળો આપવા સંમતિ આપી હતી.

શ્રી અનય મશરૂવાલા - મેસર્સ વિનસ એન્જિનિયરિંગ વર્કસના પ્રમોટર, કાર્યક્રમ માટે મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત કર્યા હતા. ફેકલ્ટી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વચ્ચેનો સંબંધ ફક્ત યુનિવર્સિટી જ નહીં, પણ એક વ્યક્તિગત માટે પણ કેવી રીતે મહત્વપૂર્ણ છે તે અંગે તેમણે પ્રેરણાત્મક વાત કરી હતી.. તેમણે હાલમાં જે સ્તરે પહોંચ્યા છે તેની મુસાફરી પણ શેર કરી હતી.

ડો. ડી જે શાહ - એકેડેમિક ડિરેક્ટર એ યુનિવર્સિટીની યાત્રા વિશે શેર કરી છે અને પૂર્વ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા પૂરા પાડવામાં આવેલા સ્ટાર્ટઅપના મહત્તમ લાભો અને સુવિધાઓ લેવા જણાવ્યું હતું. તેઓએ સ્ટાર્ટઅપ વિશેની માહિતી પણ આપી હતી અને સાહસિકતા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

# ગુરુ વંદનાથી ભાવવિભોર બન્યા ગાંધીનગર ડીડીઓ આર. આર. રાવલ



ગાંધીનગર, તા. ૨૦

તાજેતરમાં ઊનાવા તા. ઊંઝાની મીરાંદાતાર સર્વોદય વિદ્યાલય, ઉનાવામાં ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી રાજેન્દ્રકુમાર આર. રાવલ તથા એનડીડીબીના એક્ઝી. ડાયરેકટર સંગ્રામભાઈ આર ચૌધરી અને નાગરિક મંડળના પ્રતાપભાઈ એસ. ચૌધરી દ્વારા જીસીઈઆરટીના રીડર અશોકભાઈ એન. ચૌધરીના મુખ્ય મહેમાનપદે આયોજિત ગુરુ કૃતજ્ઞતા અભિવ્યક્તિ સમારોહમાં તેમના શાળ જીવનના ગુરુઓનું પુષ્પ ગુચ્છ અને સરસ્વતી ચંદ્રકથી, સાલ, સન્માનિત કરી ધન્યતા અનુભવી હતી.

ગુરુજીઓની ઘણા વર્ષો બાદની મુલાકાતથી ભાવવિભોર અને આનંદીત ડીડીઓ રાજેન્દ્રકુમાર આર રાવલે પોતાની જીવન ઘડતરનું શ્રેય તેમના ગુરુઓને અર્પણ કરી ગુરુઓ પ્રતિ આસ્થા અને શ્રદ્ધા પ્રગટ કરી હતી, અને તમામ વિદ્યાર્થી ભાઈ બહેનોને પદ, પૈસા કે પાવરના અભિમાન વગર ગુરુઓને ક્યારેય નહીં ભૂલવાની શીખ આપી હતી. પોતાની સાહિત્યિક પ્રેરણાસભર સ્પીચમાં ગુરુ શિષ્યના નિર્મળ - નિર્ભેળ સંબધોની પવિત્રતા ટકાવવાની જવાબદારી પણ બંને પક્ષે હોવાનો ઈશારો કર્યો.


## ડાયરેક્ટ ❤ સે

બીજાને સુખી કરવાની ભાવના રાખનારો કોઈ દિવસ દુ:ખી થતો નથી...

## જન્મદિને વધામણી



દર્પિતા પટેલ
રાધે-રાધે ગૃપ



મહેકબાનુ સાહિદખાન પઠાણ
મો. ૯૮૨૪૦ ૫૭૨૮૭



સોની હની એ
મો. ૯૫૭૪૦ ૯૫૯૫૧



સોની હિમાની એ
મો. ૯૫૭૪૦ ૯૫૯૫૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# હીરામણિ સ્કૂલમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા પ્રાથમિક સારવાર અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨૦

હીરામણિ સ્કૂલ (ગુજરાતી-અંગ્રેજી માધ્યમ)માં 'ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી' ગુજરાત સ્ટેટ બ્રાન્ચ, અમદાવાદ ધોરણ-૧ થી ૧૨ના વિદ્યાર્થીઓને વાવાઝોડું, ધરતીકંપ, પૂર જેવી કુદરતી આપત્તિઓ સમયે તેમજ અકસ્માત, નાની મોટી ઈજા, ચક્કર આવવા, નશકોરી ફૂટવી, કોઈ પ્રાણીનું કરડવું વગેરે થાય ત્યારે પ્રાથમિક સારવારમાં શું કરવું ? શું ન કરવું ? તેની વકતવ્ય દ્વારા તેમજ પ્રેક્ટિકલ માહિતી આપી હતી. તેમજ વિદ્યાર્થીઓને પત્રિકાઓ પણ વહેંચી હતી.







ડૉ. આંબેડકર હૉલ ખાતે સ્મિત મ્યુઝિક કલબ કલાકારોની થીમ બેઈઝ સંધ્યા યોજાઈ. જેમાં એક પછી એક સુહાના સફર, મૌસમ અને હસી, શબ્દ પર આધારિત ગીતો રજૂ થયા જે તાળીઓની મૌસમ બની રહ્યા. અંધશાળા બાળકોએ પ્રાર્થના ગીત, અને ઈનસ્ટ્રુમેન્ટ્સ જુગલબંધી રજૂ કરી હતી. અંધશાળા બાળ કલાકારોને સ્મિત મ્યુઝિક કલબના ખુશાલભાઈએ રૂા. એક હજારથી પુરસ્કાર કર્યા હતા. તેમજ ઉપસ્થિત સૌએ શાળાને ડોનેટ પણ કર્યું હતું. તથા બાળકોને ખોબલે ખોબલે તાળીઓથી બિરદાવ્યા હતા.

# એસ.કે.પટેલ સ્કૂલમાં 'ડ્રોઈંગ કોમ્પિટિશન' યોજાઈ





સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે.પટેલ સ્કૂલમાં 'ડ્રોઈંગ કોમ્પિટિશન' યોજાઈ હતી. જેમાં સિનિયર કે.જી.ના બાળકોએ જાતે 'રેબિટ' ડ્રો કરીને તેમાં સરસ કલર કર્યા હતા. અને જુનિયર કે.જી. ના બાળકોએ 'પેરટ'માં સરસ મજાનાં કલર પૂર્યા હતા. આમ આ કોમ્પિટિશન માં બાળકોએ પૂર જોશથી કલર કરવાનો આનંદ લીધો હતો.

# બી.સી.એ. કૉલેજમાં 'પ્રોજેકટ ડેવલોપમેન્ટ માર્ગદર્શન' પર ટેકનિકલ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પુટર સ્ટડીઝ દ્વારા બી.સી.એ.ના વિદ્યાર્થીઓએ માટે "પ્રોજેકટ ડેવેલોમેંટ માર્ગદર્શન" વિષય પર ટેકનિકલ વર્કશોપ કોલેજ ખાતે યોજાયો. આ સેમિનારમાં વિષય તજજ્ઞ તરીકે હિતેશ વાળાએ સેવાઓ આપી હતી.

કોલેજ દ્વારા સમયાંતરે ચાલતા સેમિનાર અને વર્કશોપ પૈકીનાં આ પાંચમાં સેમીનાર વિષે વિસ્તૃત માહિતી આપતા ડાયરેક્ટર ડો. સંજય એમ શાહે જણાવ્યુ હતું કે ઘરમાં, ઓફિસમાં કે બિઝનેસમાં વપરાતા અગત્યના સોફ્ટવેર ડિઝાઈન કરી તેને ડેટા સાથે કઈ રીતે જોડવા તેના વિસ્તૃત માર્ગદર્શન માટે આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.




વિષય તજજ્ઞ હિતેશ વાળાએ આ સેમિનારમાં પીએચપીમાં ડેટા ડિઝાઈન, યુઝર ઈન્ટરફેસ, ડેટા બેઝ કનેક્ટિવિટી, વેલિડેશન, ઓથેંટિકેશન, કનેક્ટિવિટી વગેરેની ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. અને કઈ રીતે પ્લાનિંગ, એનાલિસિસ, ડિઝાઈન અને ટેસ્ટિંગ કરીને ઈન્ડસ્ટ્રીની માંગ પ્રમાણેના સોફ્ટવેર કઈ રીતે ડેવેલોપ કરાય તેની માહિતી આપી હતી અને અંતમાં પ્રોજેકટને લગતા વિદ્યાર્થીઓના પ્રશ્નોનું સમાધાન આપ્યું હતું. આ સમગ્ર સેમિનારમાં ૨૩૦ કરતાં વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સેમિનારનું આયોજન પ્રો. જૈમિની કુલકર્ણી, ડો. અભિજીતસિંહ જાડેજા દ્વારા ડો. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં પ્રો. રૂપેશ વ્યાસ અને ડો. વિજય ચાવડાનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

# નાદરી - ચાંદીસણાના શિક્ષકની રાજયકક્ષાના ઈનોવેશન ફેર માટે પસંદગી કરાઈ









ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર ડાયટ ખાતે યોજાયેલ જિલ્લાના પાંચમાં ઈનોવેશન ફેસ્ટિવલમાં નાદરી-ચાંદીસણા પ્રાથમિક શાળાના શિક્ષક ભરવાડ સઠતાભાઈ મઘાભાઈ દ્વારા રજૂ કરવામાં આવેલ ઈનોવેશન 'અમારી આગવી ગણિતાની પ્રયોગશાળા' રાજયકક્ષા માટે પસંદગી પામી હતી.


# જાસપુર પાસે ૧૦૦૦ કરોડના ખર્ચે વિશ્વનું સૌથી ઉંચુ 'ઉમિયા માં'નું મંદિર બનશે

## ઐતિહાસિક મંદિર નિર્માણને લઇ ૨૮ અને ૨૯ ફેબ્રુ.એ શિલાન્યાસ, મૂર્તિની ચલ પ્રાણપ્રતિષ્ઠા સહિતના કાર્યક્રમો

અમદાવાદ,તા. ૨૦

એસજી હાઈવે પર વૈષ્ણોદેવી સર્કલથી જાસપુર પાસે વિશ્વ ઉમિયા ધામ સંકુલ ખાતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા ૪૩૧ ફુટ ઉંચાઈ ધરાવતું વિશ્વનું સૌથી ઉંચું અને ભવ્ય એવું ઉમિયા માતાજીનું ઐતિહાસિક અને અનેક અજાયબી ધરાવતુ મંદિર નિર્માણ થવા જઈ રહ્યું છે ત્યારે આગામી તા.૨૮ અને ૨૯ ફેબ્રુઆરી દરમ્યાન આ ભવ્યાતિભવ્ય મંદિરના શિલાન્યાસ સમારોહ, માં ઉમિયાની મૂર્તિની ચલ પ્રાણ પ્રતિષ્ઠા અને ૧૧ હજાર બહોને દ્વારા જવારા શોભાયાત્રા સાથે ૧૦૮ કળશનું પૂજન સહિતના અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા સહિતના અનેક મહાનુભાવો આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેશે તો, આ ભવ્ય શિલાન્યાસ સમારોહમાં સમગ્ર દેશભરના સાધુ-સંતો, મહંતો, ધર્માચાર્યોની ઉપસ્થિતિમાં ૫૧ હજારથી ૫૧ કરોડ સુધીના સમાજશ્રેષ્ઠી દાતાઓના વરદ્હસ્તે જગતજનની માં ઉમિયાના ૪૩૧ ફુટ ઉંચા ભવ્યાતિભવ્ય મંદિરનો શિલાન્યાસ કરવામાં આવશે એમ અત્રે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખ આર.પી.પટેલ, ઉપપ્રમુખ ડી.એન.ગોર અને શિલાન્યાસ સમારોહ કમીટીના ચેરમેન સુરેશ પટેલે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આશરે ૧૦૦ વીઘા જમીનમાં એક હજાર કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવનાર માં ઉમિયાનું આ મંદિર વિશ્વનું સૌથી ઉંચુ ઉમિયા માતાજીનું મંદિર હશે. જયાં માં ઉમિયાની સાથે મહાદેવજીનું પારાનું શિવલીંગ પણ સ્થાપિત કરવામાં આવશે. બે દિવસના આ ભવ્ય શિલાન્યાસ સમારોહ સહિતના કાર્યક્રમોમાં દેશ-વિદેશથી બે લાખ શ્રધ્ધાળુ ભકતો ઉમટશે. શિલાન્યાસ સમારોહમાં શ્રીશ્રી રવિશંકર, બીએપીએસના મહંતસ્વામી મહારાજ, આચાર્ય દિલીપદાસજી મહારાજ, વિશ્વંભરભારતી મહારાજ, બ્રહ્મવિહારી સ્વામી, માધવ પ્રિયદાસજી સહિત દેશભરના સૌથી ઉંચા ઉમિયા માતાના મંદિરમાં ગર્ભગૃહમાં માં ઉમિયાની દસ ફુટથી પણ વધુ ઉંચાઈ ધરાવતી ભવ્ય મૂર્તિ ૫૨ ફુટની





અવિચલદાસજી મહારાજ, જગદગુરુ રામાનંદાચાર્ય સ્વામી રામભદ્રાચાર્યજી, જગદગુરુ શંકરાચાર્ય વિજેન્દ્ર સરસ્વતીજી, ૨૧થી વધુ દિગ્ગજ સંતો, મંહતો, મહામંડલેશ્વરો અને કથાકારો ખાસ હાજરી અને આશીર્વચન આપશે. વિશ્વના ઉંચાઈએ સ્થાપિત કરવામાં આવશે. જેથી એકસાથે દસહજારથી વધુ દર્શનાર્થીઓ દર્શનનો લાભ લઈ શકશે.